# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ:** 6 **ગણિત** **જુલાઈ,** 2020

**સમય:** 1 **કલાક** **કુલ ગુણ:** 25

* <u>અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- **Learning Outcome**)</u>

અ. નિ. આપેલ સંખ્યાના અંકોની સ્થાનકિંમત જણાવે છે અને સ્થાનકિંમતના આધારે આપેલ સંખ્યાનું વિસ્તરણ કરે છે.

**પ્રશ્ન: 1. માગ્યા મુજબ જવાબ આપો.**

1. આપેલ સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો. (1)
   785320, 9346784, 785640, 9346790
2. સ્થાનકિંમતના આધારે સંખ્યાઓનું વિસ્તરણ કરો. (4)
   (a) 8720435 (b) 549786

અ. નિ. અલ્પવિરામનો ઉપયોગ કરીને ભારતીય / આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં સંખ્યાલેખન કરે છે.

**પ્રશ્ન: 2 માગ્યા મુજબ જવાબ આપો.**

1. આપેલ સંખ્યામાં અલ્પવિરામનો ઉપયોગ કરી ભારતીય પદ્ધતિમાં સંખ્યાલેખન કરો. 67814532 (1)
2. 2018943માં અલ્પવિરામનો ઉપયોગ કરી ભારતીય પદ્ધતિમાં સંખ્યાલેખન કરી શબ્દોમાં લખો. (2)
3. આપેલ સંખ્યામાં અલ્પવિરામનો ઉપયોગ કરી આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં સંખ્યાલેખન કરો. (2)
   (a) 92107892 (b) 5463108

અ. નિ. ગણતરી સરળ કરવા માટે કૌંસના વિસ્તરણનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન:3 કૌંસનો ઉપયોગ કરી ગણતરી કરો.**

1. $11 \times 109$ (2)
2. $103 \times 104$ (3)

અ. નિ. સંખ્યારેખા પર સંખ્યાનું નિરૂપણ તેમજ સંખ્યાઓના સરવાળા, બાદબાકી અને ગુણાકાર કરે છે.

**પ્રશ્ન: 4 માગ્યા મુજબ જવાબ આપો.**

1. સંખ્યારેખા પર 5 નું નિરૂપણ કરો. (1)




2. સંખ્યારેખાની મદદથી સરવાળા કરો. $3 + 4$ (2)
3. સંખ્યારેખાની મદદથી બાદબાકી કરો. $8 - 3$ (2)

અ. નિ. પૂર્ણ સંખ્યા વિશેના સરવાળા અને ગુણાકારના ગુણધર્મો જણાવે છે તેમજ ગુણધર્મનો ઉપયોગ કરી ગણતરી કરે છે.

**પ્રશ્ન: 5 માગ્યા મુજબ જવાબ આપો.**

1. $19 \times (12 + 18) = (19 \times 12) + (19 \times .....)$ (1)
2. સંખ્યાઓનો યોગ્ય રીતે ગોઠવી ગુણાકાર કરો. $8 \times 291 \times 125$ (2)
3. વિભાજનના ગુણધર્મનો ઉપયોગ કરીને ગુણાકાર કરો. $5728 \times 1001$ (2)